ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

વિષય:- નામદાર સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ Suo Moto Writ petition(Civil) 5 of 2025 અન્વયે નામદાર સુપ્રિમ કોર્ટનાં આદેશનાં અનુસંધાને શ્વાનોનો તાત્કાલિક સર્વે કરવા બાબત.

સંદર્ભ:- 1) શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક નં.ED/0231/02/2026 તા.૦૫/૦૨/૨૦૨૬
2) ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડનાં પત્ર ક્રમાંક નં.જા.નં.ગુ.પ્રા.ક.બો./પ્રશા/E-sarkar/૧૧૮(૯૮)/ ૨૦૨૬
3) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક: ઉશિક/પીઆરઓ/ ૨૬/૯૫/ તા. ૦૭/૦૨/૨૦૨૬

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રાણીઓના કલ્યાણ તથા જાહેર સુરક્ષા બાબતે આપવામાં આવેલ વિવિધ આદેશો દિશા-નિદેશો અનુસાર રાજ્યની તામામ સંસ્થાઓમાં શ્વાનોની સંખ્યા અંગે સચોટ માહિતી ઉપલબ્ધ રાખવી અનિવાર્ય છે.

જેના અનુસંધાને આદેશાનુસાર તા. ૦૯/૦૨/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં શ્વાનોની સંખ્યા અંગેની સચોટ માહિતીનો અધિકૃત અધિકારીની સહી સાથેનો અહેવાલ આપેલ ગુગલ લીંક https://forms.gle/Kz5DKo5gqYpgvxPD9 માં PDF ફાઈલમાં તા. ૦૯/૦૨/૨૦૨૬ સાંજે ૫:૦૦ વાગ્યા સુધીમાં ફરજિયાતપણે અપલોડ કરવાનો રહેશે. અન્યથા નામદાર સુપ્રિમ કોર્ટનાં અવમાનનાનો પ્રશ્ન ઉપસ્થિત થશે, તો તેની તમામ જવાબદારી જે-તે સંસ્થા/કોલેજની રહેશે. પ્રસ્તુત બાબત સુપ્રિમ કોર્ટ મેટર હોઈ, ટોચ અગ્રતા આપવી.

**ખાસ નોંધ :- 1) ) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે-તે સંસ્થા/કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રના ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.**

નોડલ ઓફિસર
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જૂનાગઢ

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૦૮/૨૦૨૬
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૦૯/૦૨/૨૦૨૬

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ટોચ અગ્રતા/સુપ્રીમ કોર્ટ મેટર

ક્રમાંક:ઉશિક/પીઆરઓ/૨૬/૯૫
તા.૦૭/૦૨/૨૦૨૬

પ્રતિ,

1. આચાર્યશ્રી,
   તમામ સરકારી/અનુદાનિત કોલેજો, ગુજરાત રાજ્ય.
2. રજીસ્ટ્રારશ્રી,
   તમામ સરકારી/ખાનગી યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય,

**વિષય: નામ.સુપ્રીમ કોર્ટના આદેશના અનુસંધાને સંસ્થાઓમાં રહેલા શ્વાનોનો સર્વે તાત્કાલિક કરવા બાબત. (Suo Moto Writ petition(Civil) 5 of 2025) ('City Hounded by strays, Kids pay price)**

સંદર્ભ: (૧) ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર નો પત્ર ક્રમાંક: ગુ.પ્રા.ક.બો/પ્રશા/E-sarkar :-૧૧૮ (૯૮)/૬૮૮-૭૦૦/૨૦૨૬ તા.૦૩/૦૨/૨૦૨૬.
(૨) શિ.વિ., ગાંધીનગર નો પત્ર ક્રમાંક: ED/0231/02/2026 તા.05/02/2026.

ઉપર્યુકત વિષયના અનુસંધાને સંદર્ભ દર્શિત પત્ર ક્રમાંક (૧) અને (૨) અન્વયે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રાણીઓના કલ્યાણ તથા જાહેર સુરક્ષા બાબતે આપવામાં આવેલ વિવિધ આદેશો દિશા-નિર્દેશો અનુસાર રાજ્યની તમામ સંસ્થા (જેવી કે હોસ્પિટલો/દવાખાના શિક્ષણિક સંસ્થાઓઓ/બસ સ્ટેશન/રેલ્વે સ્ટેશન) માં શ્વાનોની સંખ્યા **અંગે સચોટ માહિતી ઉપલબ્ધ રાખવી અનિવાર્ય છે.**

જેના અનુસંધાને આદેશાનુસાર તા. ૦૯-૦૨-૨૦૨૬ સાંજે ૫:૦૦ સુધીમા **શ્વાનોની સંખ્યા અંગેની સચોટ માહિતીનો** અધિકૃત અધિકારીની સહી સાથેનો અહેવાલ આપેલ ગુગલ લીંક https://forms.gle/Kz5DKo5gqYpgvxPD9 માં PDF ફાઈલમાં મોકલી આપવાનો રહેશે. **અન્યથા નામદાર સુપીમ કોર્ટના અવમાનનાનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની સમગ્ર જવાબદારી જે તે સંસ્થાની રહેશે.**

પ્રસ્તુત બાબત સુપિમ કોર્ટ મેટર હોઇ, ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

સંયુક્ત નિયામક,
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર.

નોંધ: ખાનગી કોલેજોને કાર્ય વિસ્તારમાં આવતી સંબંધિત યુનિવર્સિટી મારફતે જાણ કરવાની રહેશે.

# ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ,

(સભ્ય સચિવ, સ્ટેટ અનિમલ બર્થ કન્ટ્રોલ ઈમ્પ્લીમેન્ટેશન અને મોનીટરીંગ કમીટી રૂલ્સ)

**બ્લોક નં. ૧૪/૨, જુના સચિવાલય,ડૉ.જીવરાજ મહેતા ભવન,**

**ગાંધીનગર- ૩૮૨૦૧૦**

Email – jd-gsawb-gnr@gujarat.gov.in


જા.નં.ગુ.પ્રા.ક.બો./પ્રશા/E-sarkar:-૧૧૮(૯૮)/ /૨૦૨૬

પ્રતિ,

નોડલ અધિકારીશ્રી,

1. શ્રી જે.એ.ગાંધી (મુ.ઇ. અને અ.સ.શ્રી(રા.ધો)), માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
2. શ્રી ડી.પી.વસૈયા, નાયબ સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
3. શ્રી તેજસ પટેલ, , નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
4. કિન્નરી શાહ, ઉપસચિવશ્રી, શિક્ષણ (પ્રાથમિક અને ઉચ્ચ), પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, ગુજરાત સરકાર, ગાંધીનગર
5. ડૉ.હર્ષદ પ્રજાપતિ (મેડિકલ ઓફિસર), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
6. કિનલબેન ખરાડી (ઉપસચિવશ્રી), રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
7. શ્રી ધવલ ગોસાય (ઉપસચિવશ્રી), મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
8. શ્રી અજય પટેલ, (આસીસ્ટન્ટ ડેવલપમેન્ટ કમિશ્નર) , પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
9. શ્રી ભવ્યા મહેતા (ઉપસચિવશ્રી), શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર
10. શ્રી વિશાલકુમાર, ઉપસચિવશ્રી, (પ.પા.), કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર

**વિષય:** માન. સુપ્રીમ કોર્ટના આદેશના અનુસંધાને સંસ્થાઓમાં રહેલા શ્વાનોનો સર્વે તાત્કાલિક કરવા બાબત.

સંદર્ભ: તા. ૩૧.૦૧.૨૦૨૬ના રોજ Suo Moto Writ Petition 5/2025 માટે નિમેલ એડવોકેટ ઓન રેકોર્ડ સાથે થયેલ વર્ચ્યુઅલ બેઠક

જયભારત સહ ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રાણીઓના કલ્યાણ તથા જાહેર સુરક્ષા બાબતે આપવામાં આવેલ વિવિધ આદેશો/દિશા-નિર્દેશો (Suo Moto Writ Petition 5/2025. તથા આનુષંગિક આદેશો) અનુસાર રાજ્યની તમામ સંસ્થા (જેવી કે હોસ્પિટલો/દવાખાના/ શૈક્ષણિક સંસ્થાઓ/બસ સ્ટેશન/રેલ્વે સ્ટેશન) માં શ્વાનોની સંખ્યા અંગે સચોટ માહિતી ઉપલબ્ધ રાખવી અનિવાર્ય છે. જેથી સદર બાબતે Suo Moto Writ Petition 5/2025 માટે નિમેલ એડવોકેટ ઓન રેકોર્ડ દ્વારા તા. ૩૧.૦૧.૨૦૨૬ના રોજ થયેલ વર્ચ્યુઅલ બેઠકમાં સુચના મળેલ છે.

ઉપરોક્ત બાબતે માન. સુપ્રીમ કોર્ટના આદેશોના અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવા હેતુસર, આપના અધિકારક્ષેત્ર હેઠળ આવતી તમામ સાર્વજનિક સંસ્થાઓ/કચેરીઓ/કેમ્પસ (જેવી કે હોસ્પિટલો/દવાખાના/ શૈક્ષણિક સંસ્થાઓ/બસ સ્ટેશન/રેલ્વે સ્ટેશન વગેરે) વિસ્તારોમાં રહેલા શ્વાનોનો સર્વે તાત્કાલિક હાથ ધરવા યોગ્ય કાર્યવાહી થવા વિનંતી છે.

આ સર્વેની કામગીરી શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરી, તેનો જીલ્લાવાર સંક્ષિપ્ત અહેવાલ આ કચેરીને રજૂ કરશો, જેથી નામદાર સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવી શકે અને Amicus Curie ના તા. ૨૮.૦૧.૨૦૨૬ની સુનાવણી દરમ્યાન થયેલ અવલોકન મુજબ જરૂરી ડોગ શેલ્ટર માટેની વ્યવસ્થાનું આયોજન જે-તે સ્થાનિક સ્વરાજની સંસ્થા દ્વારા હાથ ધરી શકાય.

આ કામગીરીને અતિ પ્રાથમિકતા આપી સમયમર્યાદામાં પૂર્ણ કરવા આપને વિનંતી કરવામાં આવે છે.

સહિ/-

સભ્ય સચિવ,

સ્ટેટ અનિમલ બર્થ કન્ટ્રોલ ઈમ્પ્લીમેન્ટેશન

અને મોનીટરીંગ કમીટી, ગુજરાત રાજ્ય

<u>નકલ સવિનય રવાના જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ પ્રતિ,</u>

1. **માન. અધ્યક્ષશ્રી, સ્ટેટ અનિમલ બર્થ કન્ટ્રોલ કમિટી સહ સચિવશ્રી (હા.), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર**
2. **માન.મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર**
3. **માન. પશુપાલન નિયામકશ્રી (એપીડેમીયોલોજી શાખા), પશુપાલન નિયામકની કચેરી, કૃષિ ભવન, ગાંધીનગર**

<u>કોર્ટ બાબત.</u>

File No.ED/MSM/e-file/3/2025/6399/V-2
શિક્ષણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૨) કમિશ્નરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, બ્લોક-૨/૬ કર્મયોગી ભવન, ગાંધીનગર.
(૩) નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
(૪) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર.
(૫) સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**વિષય-** નામ.સુપ્રીમ કોર્ટના આદેશના અનુસંધાને સંસ્થાઓમાં રહેલા શ્વાનોનો સર્વે તાત્કાલિક કરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય પરત્વેના ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ, ગાંધીનગરના તા.૦૩/૦૨/૨૦૨૬ના પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતાં જણાવવાનું કે, નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રાણીઓના કલ્યાણ તથા જાહેર સુરક્ષા બાબતે આપવામાં આવેલ વિવિધ આદેશો/દિશા-નિર્દેશો (**Suo Moto Writ Petition 5/2025.** તથા આનુષંગિક આદેશો) અનુસાર રાજ્યની તમામ સંસ્થા (જેવી કે હોસ્પિટલો/દવાખાના/ શૈક્ષણિક સંસ્થાઓ/બસ સ્ટેશન/રેલ્વે સ્ટેશન) માં શ્વાનોની સંખ્યા અંગે સચોટ માહિતી ઉપલબ્ધ રાખવી અનિવાર્ય છે.

માન. સુપ્રીમ કોર્ટના આદેશોના અસરકાર અમલીકરણ સુનિશ્ચિત કરવા હેતુસર આપના અધિકારક્ષેત્ર હેઠળ આવતી તમામશૈક્ષણિક સંસ્થાઓ / કચેરીઓ/ કેમ્પસ વગેરે વિસ્તારોમાં રહેલા શ્વાનોનો સર્વે તાત્કાલિક હાથ ધરવા યોગ્ય કાર્યવાહી કરવા જણાવેલ છે અને તેનો જિલ્લાવાર સંક્ષિપ્ત અહેવાલ મોકલી આપવા ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડએ જણાવેલ છે.

પ્રસ્તુત બાબતે આપના અધિકારક્ષેત્ર હેઠળની તમામ શૈક્ષણિક સંસ્થાઓ/કચેરીઓ/ કેમ્પસ વગેરે વિસ્તારોમાં સર્વેની કામગીરી કરવા અને જીલ્લાવાર સંક્ષિપ્ત અહેવાલ તૈયાર કરી દિન-૩માં અત્રે મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

પ્રસ્તુત બાબત સુપ્રિમ કોર્ટ મેટર હોઇ, ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

આપની વિશ્વાસુ

(કિન્નરી આર.શાહ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણઃ- ઉપર મુજબ.

<u>**નકલ રવાના જરૂરી કાર્યવાહી કરી માહિતી મોકલી આપવા સારૂ.-**</u>
(૧) નાયબ સચિવશ્રી,(પ્રા.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) નાયબ સચિવશ્રી,(ઉ.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) નાયબ સચિવશ્રી,(ટે..શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૪) નાયબ સચિવશ્રી,(મા.શિ.) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*